## હા... સાહેબ !

"સાંભળ્યું..! હાઈકોર્ટે ઝાટકણી કાઢી..?!"

"કોની વાત કરો છો..?! શેની વાત કરો છો..?! કાંઈ ફોડ પાડો તો ખબર પડે..!!"

"સાહેબ..! આ રસ્તાઓ બાબતે હાઈકોર્ટે તંત્રની ઝાટકણી કાઢી..! વરસાદમાં અમદાવાદ સહિત રાજ્યના રસ્તાઓ કેવા ખાડા-ખૈયાવાળા થયા..?! કમર તુટી જાય છે... કમર..!!"

"ખરા છો તમેય..!! આટલો બધો વરસાદ પડે..! અને રસ્તામાં ખાડા પડે એમાં સરકાર શું કરે..?!"

"સરકાર શું કરી શકે..?! અને કેવું કરી શકે એ તો જાપાની મામા આવ્યા ત્યારે ખબર પડી જ ગઈ'તી... રાતોરાત કેવા જોરદાર રસ્તા થઈ ગયા..?! આ તો કેવું છે... 'ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આંટો..!'

"તમેય સમજતા નથી દીધે રાખો છો..!! ઘેર મહેમાન આવવાના હોય તો આપણે ઘર સાફ ના કરીએ..?! સરખું ના ગોઠવીએ..?! રંગોળીઓ ના કરીએ પણ આંગણું તો ચોખ્ખુ કરીએ..! અને આપણી તો સંસ્કૃતિ કે છે, 'અતિથી દેવો ભવ'..!!"

"સાહેબ તમે વાતને આડા પાટે લઈ જાઓ છો... જાપાની મામા આવ્યા...ને રસ્તા સાફ થાય... રસ્તા સુંદર બને એમાં ક્યાં કોઈને વાંધો છે... એટલી જ ઝડપથી અને એટલી જ ચીવટથી પ્રજા માટે પણ થવા જોઈએ ને..?!"

"પ્રજા માટે થાય છે જ..!! તમને તો એટલી બધી ઉતાવળ આવી ગઈ છે કે હમણાં ને હમણાં બધુ થઈ જાય..!! તંત્ર... તંત્રની રીતે કરતું જ હોય છે..!!"

"ના... આ... ખોટો બચાવ છે..! રેઢીયાળ છે તંત્ર... પેલા વિદેશી મહેમાનોને ગયે પાંચ દિવસ થયા... શું પ્રગતિ થઈ રસ્તાના કામોમાં..?! શું પ્રગતિ થઈ રસ્તામાં રખડતા ઢોરોના મામલે..?!"

"અરેરે... તમને તો કંઈ દેખાતું જ નથી..!"

"હા... દેખાય છે ને..! કાલે જ સોસીયલ મીડીયા પર એક મંત્રીનો જવાબ વાયરલ થયો હતો..! પ્રજાએ જોયો..!"

"શું...?!"

"સૌરાષ્ટ્ર વિસ્તારના એક ધારાસભ્ય અને વર્તમાન મંત્રીની રેલવે ફાટક બંધ હોવાના કારણે ગાડી ઉભી રહી હતી..! અને એક યુવકે જઈને પુછ્યું... કે સાહેબ આ રસ્તાના ખાડા ક્યારે પુરાશે..?! આ ગંદકી ક્યારે હટશે..?! જુઓ તો ખરા હાલત...

"...તો..!"

"તો... શું સાહેબ... મંત્રીએ ગાડીનો કાચ ચડાવી... પડદો પાડી દીધો અને સુણાવી દીધું યુવકને જેમ થતું હશે એમ જ થશે..! મારે તારો મત જોઈતો નથી..!!"

"ના... કે' એવું... 'કહેતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના'..!"

"હા... એ તો તમે એમ જ બચાવ કરશો ને..?! તમારા નેતાઓ અને કાર્યકર્તાઓ તોરમાં આવી ગયા છે... ફરીથી કહું છું..!! આખરે તો

● અનુસંધાન પાન-૭ પર



'મા'નો ગરબો રે... - નવરાત્રીનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે... ગામે-ગામ અને શહેરે-શહેર મા-આદ્યશક્તિની આરાધના કરવા માટે તડમાર તૈયારીઓ ચાલી રહી છે... શેરી ગરબામાં 'મા'ના ઘડુલિયાનો મહિમા ખુબ જ છે... દિવડા પ્રગટાવેલો ઘડુલિયો માથે મુકી ઘુમવાની પરંપરા આજે પણ ગ્રામીણ વિસ્તાર તથા કેટલાક શહેરી વિસ્તારમાં યથાવત છે... ઘડુલિયાને અલગ-અલગ સાઈઝ, ડિઝાઈન તથા રંગોથી તૈયાર આખરી ઓપ અપાઈ રહ્યો છે....

# બે દિવસીય ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ ૧૨૫ કૃતિઓ રજુ કરશે

**વિદ્યાર્થીઓ વિષયના સિધ્ધાંતો સમજે તેમજ નવા આયામો અને પ્રયોગો રજુ કરવા માટે માધ્યમ મળે તેવા આશયથી તા ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરે પ્રદર્શન યોજાશે**

ગાંધીનગર તા ૧૮

જિલ્લા શિક્ષણ તાલીમ ભવન તેમજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આગામી તા ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરના રોજ શાળા વિકાસ સંકુલ કક્ષાએ ગણિત વિજ્ઞાન પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓની ગણિત વિજ્ઞાન વિષય પ્રત્યે રૂચિ કેળવાય તેમજ વિષયના સિધ્ધાંતો અંગે તેમની સમજણ મજબુત બને તેવા આશયથી આ પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર સહીત ચારેય તાલુકામાં શાળા વિકાસ સંકુલ કક્ષાએ આગામી ગુરુવારથી ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાશે. જેમાં માણસા તાલુકાના સમો કલોલ તાલુકાના ડિંગુચા, ગાંધીનગરના છાલા તેમજ દહેગામ તાલુકા ઉપરાંત મોટેરા સ્વસ્તિક વિદ્યાલયમાં પ્રદર્શન યોજાશે. જેમાં તાલુકાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ ૧૨૫ જેટલી કૃતિઓ રજુ કરાશે. આ પ્રદર્શનમાં પસંદ થયેલી કૃતિઓ જિલ્લા કક્ષાએ રજુ કરાશે. ત્યારબાદ રાજયકક્ષાએ કૃતિઓની પસંદગી થશે. વિદ્યાર્થીઓ ગણિત વિજ્ઞાન વિષયમાં રસરૂચિ વધે તેમજ વિષયના સિધ્ધાંતોને સમજે તેવા આશયથી આ પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રદર્શનના લીધે વિદ્યાર્થીઓને વિષયલક્ષી નવા આયામો તેમજ પ્રયોગો રજુ કરવાનુ માધ્યમ મળશે. જયારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળશે.

# જિલ્લાના પાંચ મદદનીશ ચૂંટણી અધિકારીઓને ચૂંટણી વિષયક કામગીરીમાં ઉદાસીન વલણ માટે નોટીસ

**૨૧મી સુધીમાં લેખિતમાં ખુલાસો કરવા નહિ તો શિક્ષાત્મક કાર્યવાહી માટે તૈયાર રહેવા સ્પષ્ટ સૂચના**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના પાંચ મદદનીશ ચૂંટણી અધિકારીઓને કેન્દ્રીય ચૂંટણી પંચે માંગેલી વિગતો સમયસર ન પુરી પાડવા માટે આજે મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારી વ કલેકટરે કારણદર્શક નોટીસ પાઠવી છે.

વિધાનસભાની ચૂંટણીઓ નજીકમાં છે ત્યારે પાંચેય વિધાનસભા મતદાર વિભાગના પાંચ મદદનીશ અધિકારીઓ દ્વારા પંચની વારંવારની સૂચનાઓ પછી પણ સમયસર વિગતો આપવામાં ન આવતાં આ નોટીસ આપવામાં આવી છે.

બે પાનાની આ કારણદર્શક નોટીસમાં ૧૧ જેટલી વિગતો માંગવામાં આવી હતી જેમાં બીએલઓ રજીસ્ટરની ચકાસણી, મતદાનમથક, સ્વીપ અંગેની કાર્યવાહી, પી.જી.આર. પોર્ટલ પર આવતી ફરિયાદના નિકાલ બાબતો, મતદાર યાદીની વિસંગતતાઓ, મતદાન મથકોની વનરેલીબીટી નક્કી કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આ અધિકારીઓ દ્વારા વિધાનસભાની જાહેર હિસાબ સમિતિમાં રજુ કરવા અંગેની વિગતો પણ વારંવાર પત્રો અને સ્મૃતિપત્રો પાઠવ્યા પછી નથી પુરી પાડવામાં આવી તે બાબતને ગંભીરતાથી ન કરવા માટે આ નોટીસ આપવામાં આવી છે.

૨૧મી સુધીમાં આ અંગેનો લેખિતમાં ખુલાસો કરવા તેમજ જો તેમ નહિ કરાય તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ફરજ પડશે અને આપની નિષ્ફળ કાર્યવાહીની ગંભીર નોંધ લેવામાં આવશે તેમ સ્પષ્ટ જણાવવામાં આવતાં જિલ્લાતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી, ગાંધીનગર મામલતદાર,

● અનુસંધાન પાન-૭

# જિલ્લા પંચાયતની કારોબારી સમિતિએ નવુ ફ્રેન્કીંગ મશીન ખરીદવા સહિત વહીવટીય કામગીરી કરી

**જાન્યુ.-૧૭ થી માર્ચ-૧૭ના ત્રિમાસિક ખર્ચના હિસાબોને પણ આ બેઠકમાં બહાલી અપાઈ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ કારોબારી સમિતિએ જાન્યુ-૧૭થી માર્ચ-૧૭ના ત્રિમાસિક ગાળાના હિસાબોને બહાલી આપી મંજૂર કર્યા હતા.

અરવિંદસિંહ સોલંકીની અધ્યક્ષતામાં મળેલ કારોબારી સમિતિની બેઠક ૧૫ જ મિનિટમાં સંપન્ન થઈ ગઈ હતી. જેમાં એજન્ડા પરના કામોને મંજૂરી આપવામાં આવી હતી.

આજની કારોબારી બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ચેમ્બરના રિપેરીંગ કામને બહાલી આપવા ઉપરાંત પ્રમુખની ચેમ્બરમાં થયેલ કામકાજ તેમજ આર.ઓ. પ્લાન્ટ જે નવા લગાવાયા છે તેને પણ બહાલી આપવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત માટે નવુ ફ્રેન્કીંગ મશીન ખરીદવાની દરખાસ્તને પણ બહાલ રાખવામાં આવી છે. આ માટે ૧.૩૩ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. પરંતુ જુનુ ફ્રેન્કીંગ મશીન પરત લેવાની શરતનો સ્વીકાર થતાં તે ૧.૨૩ લાખના ખર્ચે નવું લેવાનો નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં એન.એ.ના કેસોને પણ બહાલી આપવામાં આવી છે. આ ઉપરાંત સરકારમાંથી સરકારી ગ્રાન્ટ મેળવવા માટેની દરખાસ્તને બહાલી આપવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ની ફી ભરવા માટે રૂ. ૨૦ હજાર તેમજ તેના અનુદાનની નીકળતી રકમ પણ આપી દેવા માટેની મંજૂરી આપવામાં આવી છે.

પંચાયતની સામાન્ય સભા પછી આ બેઠક મળતાં રાજકીય ગરમાવો દેખાતો હતો પરંતુ વહીવટીય કાર્યભારણને લઈ કોઈ જ નવી ચર્ચાઓને આ બેઠકમાં સ્થાન મળ્યું ન હતુ.


## દ્વિતિય વાર્ષિક શ્રદ્ધાંજલિ



રડી પડે છે આંખ અમારી જોઈ તસવીર તમારી,
દરેક પ્રસંગે ખટકશે અમને ખોટ તમારી.
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું,
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યુ નગિ.
હસતો ચહેરો રાખી ઓચિંતી વિદાય લીધી.
સૌના હૃદયના સંભારણા દિલમાં રાખી ગયા.

આંખો હજી નિહાળે છે તમને,
અંતર હજી પોકારે છે તમને.
સ્મરણ થાય છે ત્યારે
મન મૂકીને રડાવે છે અમને

મર્હુમ અહેમદખાન નુરમહંમદખાન નાગોરી
રિટાયર્ડ એડીશનલ કલેક્ટર, ગુજરાત રાજ્ય.
સ્વર્ગવાસ તા. ૧૯/૯/૨૦૧૫

અલ્લાહ આપને જન્નત અતા
ફરમાવે તેવી પ્રાર્થના અમારી

મો. ૯૮૨૮૫ ૯૫૮૨૨, ૯૮૨૫૦ ૫૭૬૯૦
સમસ્ત નાગોરી પરિવાર


# માં... શેરી વળાવી સજજ કરુ રે...ઘેર આવોને







**નવદુર્ગાના નવરાત પર્વના ઓવારણાં લેવા ગરબા મેદાનમાં તડામાર તૈયારી : સેકટરોમાં શેરી ગરબાને અનુલક્ષી સફાઇ અને સુશોભન : શહેરમાં ત્રણ ઠેકાણે અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવની ઉજવણી કરાશે : ખૈલેયાઓમાં થનગનાટ : આસોના પ્રારંભ પુર્વે આકાશમાં અષાઢી નઝારો : વરસાદી વાયરો યથાવત રહેતા ગરબા પ્રેમીઓમાં ચિંતાના વાદળો**

ગાંધીનગર તા ૧૮

માં.... શેરી વળાવી સજજ કરુ ને ઘેર આવો ને...શહેરમાં નવરાત મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સેકટરોમાં નવદુર્ગાની ભક્તિ આરાધનના પર્વને અનુલક્ષી ગરબા પ્રેમીઓમાં અનોખો થનગનાટ જોવા મળી રહયો છે. સેકટરોની શેરીઓ સાફ થઈ રહી છે. માતાજીના ચાંચર ચોકને શણગારવામાં આવી રહયા છે. નવદુર્ગાના આ પર્વને હેતે વધાવવા ગરબા પ્રેમીઓ થનગની રહયા છે. ગરબાના આયોજકો પણ હવે નવરાતને આડે માત્ર બે દિવસ રહેતા ગરબા મેદાનની તૈયારીમાં કોઈ કચાશ ન રહી જાય તે દિશામાં ધ્યાન કેન્દ્રીત કરી આખરી તબક્કાની તૈયારી પુર્ણ કરવા માટે મથી રહયા છે. શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવની તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહયો છે. સેકટરોમાં શેરી ગરબાની શાનદાર ઉજવણી માટે પણ મેદાન સફાઈથી લઈ માતાજીના ચાંચર ચોકને શણગારવા માટે વસાહતીઓ અને વેપારીઓ કામે લાગ્યા છે. એકબાજુ નવરાત મહોત્સવને અનુલક્ષી તડામાર તૈયારીઓ અને ઉત્સાહ જોવા મળી રહયો છે. ત્યારે આસોની અજવાળી રાતના આગમન ટાંણે આકાશમાં અષાઢી નઝારો ગરબાના આયોજકો તેમજ ગરબા પ્રેમીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. રોજબરોજ આકાશમાં ઘેરાવો નાંખતા વાદળો અલપ ઝલપ વરસી જતા ક્યાંક નવરાતની મજા ન બગાડે તેવી ચિંતા પણ ખૈલેયાઓને સતાવી રહી છે. શહેરમાં સે-૬ ના મેદાન ખાતે કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સે-૧૧ માં ચ-૩ પાસે સ્થિત મેદાનમાં લાયન્સ કલબ આયોજિત ગરબા મહોત્સવની તૈયારીઓ ચાલી રહી છે. આ ઉપરાંત થનગનાટ દ્વારા પણ સે-૧૧ માં રામકથા મેદાન ખાતે ગરબા મહોત્સવની તૈયારી ચાલી રહી છે.

નવરાત મહોત્સવના આડે હવે માત્ર એક જ દિવસ બાકી રહયો હોવાથી ગરબા પ્રેમીઓમાં અનોખો થનગનાટ જોવા મળી રહયો છે. ગરબાના વર્ગોમાં પણ અવનવા સ્ટેપ્સ શિખવા માટે ખૈલેયાઓ રાત દિવસ થિરકી રહયા છે. જયારે નવરાત મહોત્સવને અનુલક્ષી સેકટરોની શેરીઓમાં ભવ્ય શેરી ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પારિવારીક માહોલમાં શકિતની ભકિતવંદના સાથે ગરબા મહોત્સવની

● અનુસંધાન પાન-૭


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com